| | | | |
|---|---|---|---|
| રજુ કર્યા તારીખ: | ૨૧/૧૨/૨૦૨૪ | | |
| દાખલ તારીખ : | ૨૧/૧૨/૨૦૨૪ | | |
| ફેંસલ તારીખ : | ૨૨/૦૪/૨૦૨૬ | | |
| સમય મર્યાદા : | વર્ષ | મા સ | દિવસ |
| | ૦૧ | ૦૪ | ૧૦ |

**માલપુરના મે. જ્યુ. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**
**મુ.માલપુર,જી.અરવલ્લી.**

**ફોજદારી કેસ નં–૧૦૩૩/૨૦૨૪**
આંક– **૨૪**

**ફરીયાદી :–** શ્રી સર ક ા ર ( શનાજી સ/ઓ કેશરાજી કાળુજી ખાંટ)
રહે.લાલપુર,તા.માલપુર જી.અરવલ્લી

**વિરૂદ્ધ**

**આરોપીઓ:–** (૧) પ્રતાપભાઈ કેશરાભાઈ ખાંટ,
(૨) સુખાભાઈ પ્રતાપભાઈ ખાંટ,
(૩) વાલીબેન પ્રતાપભાઈ ખાંટ.
તમામ રહે.લાલપુર,તા. માલપુર, જી.અરવલ્લી

**ગુન્હો:– ભારતીય ન્યાય સંહિતા –૨૦૨૩ ની કલમ – ૧૧૫(૨),૩૫૨,૩૫૧(૨),૨૯૬(બી) , ૫૪ અન્વયે**

---

**સરકાર તરફે** :– વિ.એ.પી.પી.શ્રી આઈ.એચ.બલોચ
**આરોપીઓ તરફે** :– વિ.વ.શ્રીમોહનભાઈ.યુ.બારીયા

---

–:(ઠ રા વ):–

(૧)... ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીઓએ ગઈ તા.૧૬/૧૦/૨૦૨૪ નાં રોજ કલાક ૨૦/૩૦ વાગ્યાનાં સમયે મોજે લાલપુર ગામે આ કામનાં આરોપીઓને ફરિયાદીએ ઘરનાં ધાબા ઉપર રહીને આરોપી નં.૧ નાને કહેલ કે, આ જમીનનો સરખો ભાગ કરવાનો છે. તમારી બાજુ ખોદકામ કરજો તેમ કહી ફરિયાદી ધાબા ઉપરથી નીચે ઉતરી આરોપી નં.૦૧ નાઓને કહેલ કે, આ જમીનમાં સરખુ કરવાનું બાકી છે અને આ જમીન વચ્ચે શેઢો કરવાનો છે. તેમ કહેતા આરોપી નં.૦૧ નાઓનું ઉપરાણું લઈ આરોપી નં.૦૨ નાઓ એકદમ ઉશ્કેરાઈ જઈ ફરિયાદીને જમણા ગાલ ઉપર લાફો મારી તથા આરોપી નં.૦૨ નું ઉપરાણું લઈ આરોપી નં.૦૩ નાઓ આવી અશ્લીલ શબ્દો ઉચ્ચારી મા–બેન સામી ગાળો બોલી ગડદાપાટુનો માર મારી એકબીજાની મદદગારી કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨),૩૫૨,૩૫૧(૨),૨૯૬(બી),૫૪ મુજબનાં શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ. જે અંગેની ફરીયાદીએ માલપુર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરતા પોલીસે સદર ગુના અંગેની ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી આ કામનાં આરોપીઓની અટક કરી અને તપાસ પુર્ણ કરેલ અને સદર ગુના અન્વયે તે આરોપીઓ સામે પુરતો પુરાવો મળી આવતા કોર્ટમાં સદર ગુના અન્વયેનુ ચાર્જશીટ રજુ કરેલ.

(૨)... આ કામના આરોપીઓ સામે ચાર્જશીટ રજૂ થતાં, આરોપીઓ સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, આરોપીઓને સમન્સ કરવામાં આવેલ જે અનુસંધાને કોર્ટમાં ઉપસ્થિત થયેલ ત્યાર બાદ **બી.એન.એસ.એસની કલમ–૨૩૦** મુજબ આરોપીઓને **બી.એન.એસ.એસની કલમ–૧૯૩** મુજબના ચાર્જશીટ પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ, **બી.એન.એસ.એસની કલમ–૨૬૩(૧)** પ્રમાણે આરોપીઓ ઉપર **આંક–૦૪** થી ઉપરોકત ગુન્હાઓનું તહોમતનામું કોર્ટ દ્વારા ફરમાવી, સદરહું તહોમતનામું આરોપીઓને વાંચી–સંભળાવી, આરોપીઓનું સદરહું તહોમતનામા અંગે

**આંક–૦૫ થી ૦૭ સુધી** નીવેદન નોધવામાં આવેલ અને જે નિવેદનમાં આરોપીઓને ગુના અંગે પુછતા તેઓએ ગુનાનો ઈન્કાર કરતા ફરીયાદ પક્ષનો કેસ પુરાવા ઉપર આવેલ છે.

(૩)... ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે :–

**મૌખિક પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી શનાજી કેશરાજીની જુબાની | ૧૮ |

**દસ્તાવેજી પુરાવા**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૯ |
| ૨ | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૨૦ |
| ૩ | શનાજી કેશરાજી ખાંટનું સારવાર પ્રમાણપત્ર | ૨૧ |

(૪)... આ કામે ફરીયાદ પક્ષે મહત્વના સાહેદને તપાસ્યા બાદ અને મુળ ફરીયાદી તરફે તેઓ વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય અને હાલનો કેસ આગળ ચલાવવા માંગતા ન હોય તેવી પુરસીસ આપેલ હોય તેમજ સરકાર તરફે પણ વિ.એ.પી.પી.શ્રી દ્વારા મૌખિક રીતે પુરાવો પૂરો થયાનું જણાવેલ હોય તેમજ કેસના સંજોગો ધ્યાને લેતાં, ચાર્જશીટમાં દર્શાવેલ અન્ય સાક્ષીઓને તપાસવાથી પણ કેસની હકીકતો નિ:શંકપણે પુરવાર થઈ શકે તેવી સંભાવના ન હોય તે તમામ સંજોગોમાં,**નામ.સુપ્રિમ કોર્ટના ૧૯૯૬(૩), ક્રાઈમ્સ, ૮૫,''સતીષ મહેરા વિ. દિલ્હી એડ મિનિસ્ટ્રેશન'' તથા (૨૦૦૮)૯, એસ.સી.સી., ૬૭૭, ''નિખિલ મરચન્ટ વિ. સી.બી. આઈ.'' તથા (૨૦૦૮)૪, એસ.સી.સી., ૫૮૨, ''મદનમોહન વિ. સ્ટેટ ઓફ પંજાબ''**ના ચુકાદાઓમાં નામ.સુપ્રિમ કોર્ટે ઠરાવેલ સિદ્ધાંત કે, ફરીયાદી/ત્રાહીત પક્ષકારની જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતી હકીકત આવતી ન હોય અને ફરીયાદી

જયારે વધુ પુરાવો આપવા માંગતા નથી તેવી હકીકત જણાવતા હોય તેવા સંજોગોમા કોર્ટે આવા પ્રોસીડીંગ્સ આગળ ચલાવવા ફયુટાઈલ એકસરસાઈઝ કરવી ન જોઈએ તે સિદ્ધાંત ધ્યાને લઈ, ફરીયાદ પક્ષનો પુરાવો પૂરો કરવામાં આવેલ છે.

(૫)... આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો પૂરો થતાં, આરોપીઓ સામે રેકર્ડ પર આવેલ પુરાવા અંગે આરોપીઓનું **બી.એન.એસ.એસ.ક–૩૫૧** મુજબનું વિશેષ નિવેદન નોધવા લાયક પુરાવો ન જણાતા આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬)... ત્યારબાદ પક્ષકારો તરફે દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭)... આ કેસની ઉપરોકત હકીકતો, સંજોગો, રેકર્ડ પર રજૂ કરવામાં આવેલ પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાઈઓ તેમજ ઉભયપક્ષની રજૂઆતો ધ્યાને લેતાં, કેસના ન્યાય–નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**–:(મુદ્દા ઓ):–**

(૧) શું ફરીયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર સાબિત કરે છે કે, આરોપીઓએ ગઈ તા.૧૬/૧૦/૨૦૨૪ નાં રોજ કલાક ૨૦/૩૦ વાગ્યાનાં સમયે મોજે લાલપુર ગામે આ કામનાં આરોપીઓને ફરિયાદીએ ઘરનાં ધાબા ઉપર રહીને આરોપી નં.૧ નાને કહેલ કે, આ જમીનનો સરખો ભાગ કરવાનો છે. તમારી બાજુ ખોદકામ કરજો તેમ કહી ફરિયાદી ધાબા ઉપરથી નીચે ઉતરી આરોપી નં.૦૧ નાઓને કહેલ કે, આ જમીનમાં સરખુ કરવાનું બાકી છે અને આ જમીન વચ્ચે શેઢો કરવાનો છે. તેમ કહેતા આરોપી નં.૦૧ નાઓનું ઉપરાણું લઈ આરોપી નં.૦૨ નાઓ એકદમ ઉશ્કેરાઈ જઈ ફરિયાદીને જમણા ગાલ ઉપર લાફો મારી તથા આરોપી નં.૦૨ નું ઉપરાણું લઈ આરોપી નં.૦૩ નાઓ આવી અશ્લીલ શબ્દો ઉચ્ચારી મા–બેન સામી ગાળો બોલી ગડદાપાટુનો માર મારી એકબીજાની મદદગારી કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતાની કલમ –૧૧૫(૨) ,૩૫૨,૩૫૧(૨),૨૯૬(બી),૫૪ મુજબનાં શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮)... ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો કારણોસહિત નીચે મુજબ છે :–
(૧) નકારાત્મક.
(૨) આખરી હુકમ મુજબ.

(૯)... ઉપરોકત મુદ્દાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે :–

**–/(કારણો)/–**

***મુદ્દા નંબર–૧ અંગે :–***

(૧૦)... આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાય શાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપીઓ સામેનો કેસ ફરીયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા હાલના ગુનામાં આરોપીઓ વિરુધ્ધની હકીકત નિ:શંકપણે સાબિત કરવા અંગેનો પુરાવાનો બોજો ફરીયાદ પક્ષ પર રહેલો છે. ફરીયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી આધારોનું પુરાવાની દૃષ્ટિએ નીચે મુજબનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૧૧)... આ કામે ફરીયાદ પક્ષ તરફે આંક–૧૮ થી ફરીયાદી શનાજી કેશરાજી ખાંટ નાઓ એ સોગંદ પરની જુબાનીમા જણાવેલ છે કે,બનાવ દોઢેક વર્ષ પહેલા બનેલ બનાવમાં તેઓને આરોપીઓ સાથે શેઢા ખોદકામ બાબતે સામાન્ય બોલાચાલી થયેલ તે સિવાય બનાવમાં બીજુ કઈ બનેલ નહી બનાવ સમયે ટોળુ ભેગુ થતા ધકકામુકકી થતા પડી જવાથી તેઓને સામાન્ય ઈજાઓ થયેલ તેની સારવાર તેઓએ માલપુર સરાકારી દવાખાને લીધેલ. બનાવ બાબતેની ફરિયાદ તેઓએ માલપુર પો.સ્ટે આપેલી અને તે ફરીયાદ આંક–૧૯ થી રજુ છે અને જેમાં તેઓની સહી ઓળખી બતાવે છે. વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક રજુઆતથી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવાની પરવાનગી આપવામાં આવેલ. જેમાં સદર ફરીયાદી નાઓએ આંક–૧૯ ની ફરીયાદની તથા તેઓના પોલીસ રૂબરૂના નીવેદનની તમામ હકીકતોને નકારી કાઢેલ છે.

આરોપીઓ તર્ફે સદર ફરિયાદીની કરવામાં આવેલ ઉલટતપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓએ તેઓને ગાલ પર લાફો મારેલ નથી કે કોઈ ઈજા કરેલ નથી કે અશ્લીલ ગાળો બોલી ગડદાપાટુનો માર મારેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી.

(૧૨)... તે રીતે આ કામે રેકર્ડ પર આવેલ તમામ પુરાવો ધ્યાને,વંચાણે લેતા, આ કામના ફરીયાદીને આરોપીઓ સાથે શેઢા ખોદકામ બાબતે સામાન્ય બોલાચાલી થયેલ હતી તે સિવાય કોઈ બનાવ બનેલ નથી. સદર ફરીયાદીને ફરી ગયેલા જાહેર થયા બાદની ઉલટતપાસમાં ફરીયાદ હકીકત અને પોલીસ નીવેદનમાં લખાયેલ હકીકતનો ઈન્કાર કરેલો છે. તેમજ આરોપી પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં આરોપીઓએ તેઓને ગાલ પર લાફો મારેલ હોય કે કોઈ ઈજા કરેલ હોય કે કોઈ અશ્લીલ ગાળો બોલી ગડદાપાટુનો માર મારેલ કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ ન હોવાનુ સ્વીકાર કરેલ છે. આમ, ફરીયાદીએ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ ન હોય આરોપીઓની સદરહુ ગુન્હાનાં કામે સીધી સંડોવણી હોવાનુ જણાય આવતુ નથી.

(૧૩)... વધુમાં સદર કામે આંક-૨૦ થી બનાવવાળી જગ્યાનું પંચનામુ તથા આંક-૨૧ થી ઈજા પામનારનું સારવાર સર્ટિફીકેટ રજુ થયેલ છે જે ધ્યાને લેતા પંચનામા અંગેની તથા ફરીયાદીને થયેલ ઈજાઓ અંગેની હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે પરંતુ આ કામે જયારે ફરીયાદી એ જ આરોપીઓને તેઓ સાથે ફકત સામાન્ય બોલાચાલી થયા અંગેનો પુરાવો રેકર્ડ ઉપર આપેલ છે અને આરોપીઓએ તેઓને માર મારી ઈજાઓ કરેલ હોય તે અંગે ઈન્કાર કરેલ છે તેવા સંજોગોમાં માત્ર પંચનામા અને સારવાર સર્ટિફીકેટ રજૂ કર્યેથી અને તેટલી જ હકીકત આધારે સદરહુ પંચનામા અને સારવાર સર્ટિફીકેટની હકીકતો ગ્રાહય રાખી તેના આધારે આ કામનાં આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. વધુમાં, આ કામે આંક-૨૨ થી ફરીયાદપક્ષ તરફે પુરાવો બંધ કરવા અંગેની પુરસીસ આપવામાં આવેલ હોવાથી આ સિવાય અન્ય કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૪)... આમ, ફરીયાદ પક્ષનાં રેકર્ડ ઉપર આવેલ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનુ સમગ્ર રીતે મુલ્યાંકન કરવામાં આવે તો, તે પુરાવાઓથી ફલીત થતુ નથી કે, બનાવ સમયે અને સ્થળે આ કામનાં આરોપીઓને ફરિયાદીએ ઘરનાં ધાબા ઉપર રહીને આરોપી નં.૧ નાને કહેલ કે, આ જમીનનો સરખો ભાગ કરવાનો છે. તમારી બાજુ ખોદકામ કરજો તેમ કહી ફરિયાદી ધાબા ઉપરથી નીચે ઉતરી આરોપી નં.૦૧ નાઓને કહેલ કે, આ જમીનમાં સરખુ કરવાનું બાકી છે અને આ જમીન વચ્ચે શેઢો કરવાનો છે. તેમ કહેતા આરોપી નં.૦૧ નાઓનું ઉપરાણું લઈ આરોપી નં.૦૨ નાઓ એકદમ ઉશ્કેરાઈ જઈ ફરિયાદીને જમણા ગાલ ઉપર લાફો મારી તથા આરોપી નં.૦૨ નું ઉપરાણું લઈ આરોપી નં.૦૩ નાઓ આવી અશ્લીલ શબ્દો ઉચ્ચારી મા−બેન સામી ગાળો બોલી ગડદાપાટુનો માર મારી એકબીજાની મદદગારી કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતાની કલમ−૧૧૫(૨),૩૫૨,૩૫૧(૨),૨૯૬(બી),૫૪ મુજબનાં શિક્ષાને પાત્ર ગુના કરેલ હોય, તેવા સંજોગોમાં આરોપીઓને સદર ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. તેમજ આ કામે અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોનો પુરાવો પણ રેકર્ડ ઉપર આવેલ નથી જેના કારણે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય અને તેવા સંજોગોમાં આરોપીઓને સદર ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી જેથી ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધનાં આક્ષેપિત ગુન્હાઓ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી જેથી **મુદ્દા નંબર ૧ નો જવાબ '' નકારમા ''** ઠરાવી મુદ્દા નંબર− ૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## −:(/આ ખ રી હુ ક મ/):−

૧... આ કામના આરોપીઓ : (૧) પ્રતાપભાઈ કેશરાભાઈ ખાંટ,(૨) સુખાભાઈ પ્રતાપભાઈ ખાંટ,(૩) વાલીબેન પ્રતાપભાઈ ખાંટ. તમામ રહે.લાલપુર,તા. માલપુર, જી.અરવલ્લી નાઓને બી.એન.એસ.એસ. ની કલમ ૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતા −૨૦૨૩ ની કલમ −૧૧૫(૨),૩૫૨,૩૫૧

(૨),૨૯૬(બી),૫૪ અન્વયેનાં શિક્ષાને પાત્ર ગુન્હાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨... આરોપીઓએ **બી.એન. એસ.એસ. ની કલમ–૪૮૧(એ)**ની જોગવાઈ અનુસાર આ હુકમ સામે ઉચ્ચ અદાલત માં અપીલ કે, પીટીશન થયેથી, જે–તે અદાલત સમક્ષ હાજર રહેવા માટે આરોપીઓના અગાઉ આપેલ જામીન અપીલ સમય સુધી લંબાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ– **૨૨ મી**, માહે–**એપ્રિલ**,સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી – સંભળાવી, જાહેર કર્યો.

**તા. ૨૨/૦૪/૨૦૨૬**
**માલપુર.**

**(પૂજા સુરાણા)**
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**માલપુર.( જજ કોડ જીજે ૦૧૪૨૮)**

એચ.એલ.મેર–પી.એ.